## (1) NDC-TIA કાર્યક્રમ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ Nationally Determined Contributions-Transport Initiative for Asia છે.

(2) આ કાર્યક્રમનું લક્ષ્ય ભારત, વિયેતનામ અને ચીનમાં પરિવહન ક્ષેત્રે કાર્બન ઘટાડવાનું છે.

(3) આ કાર્યક્રમ 4 વર્ષનો છે.

(4) ભારત તરફથી અમલીકરણ સંસ્થા NGT છે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ નીતિ આયોગ દ્વારા NDC-TIA કાર્યક્રમનો ભારત તરફનો ઘટક લોંચ કરવામાં આવ્યો છે.

⇛ Nationally Determined Contributions-Transport Initiative for Asia (NDC-TIA) એક સંયુક્ત કાર્યક્રમ છે. આ કાર્યક્રમને જર્મનીના પર્યાવરણ મંત્રાલયની ઈન્ટરનેશનલ ક્લાઈમેટ ઈનિશિએટીવ (IKI) સંસ્થા દ્વારા સહાય મળેલ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ કાર્યક્રમનો ઉદ્દેશ ભારત, વિયેતનામ અને ચીનમાં પરિવહન ક્ષેત્રને ડિકાર્બનાઈઝ (કાર્બન ઘટાડવો) કરવા માટેના એક એકીકૃત એપ્રોચને પ્રોત્સાહન આપવાનો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ભારત તરફથી નીતિ આયોગ આ કાર્યક્રમની અમલીકરણ સંસ્થા છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ કાર્યક્રમ 4 વર્ષનો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) નીચેનામાંથી કયા-કયા દેશોએ હાઈડ્રોજન બોમ્બનું પરીક્ષણ કરેલું છે ?

(1) રશિયા

(2) યુ. એસ.

(3) જર્મની

(4) ચીન

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1), (2) અને (4)
(D) માત્ર (1), (3) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં રશિયાએ વિશ્વના સૌથી વધુ શકિતશાળી હાઈડ્રોજન બોમ્બના પરીક્ષણનો વિડિયો જાહેર કર્યો છે.

⇛ આ બોમ્બનું નામ 'Tsar' બોમ્બ હતું. તથા તે હિરોશીમા અને નાગાસાકી પર ફેંકવામાં આવેલા અણુબોમ્બ કરતાં 3333 ગણો વિનાશકારી હોવાનું માનવામાં આવે છે.

⇛ આ વીડિયોનું નામ ‘ટોપ સીક્રેટ : ટેસ્ટ ઓફ અ કલીન હાઈડ્રોજન બોમ્બ વીથ અ યીલ્ડ ઓફ 50 મેગાટન્સ’ છે.

⇛ વિશ્વમાં આ દેશોએ જ હાઈડ્રોજન બોમ્બનું પરીક્ષણ કરેલું છે :

- બ્રિટન
- યુ. એસ.
- ચીન
- ફ્રાંસ
- રશિયા

(આથી, વિધાન (1), (2) અને (4) સાચાં છે.)

⇛ 2013માં ઉત્તર કોરીઆએ હાઈડ્રોજન બોમ્બનું સફળ પરીક્ષણ કેરલું છે તેમ તેણે વિશ્વને જણાવ્યું હતું.

⇛ ભારતના વર્તમાન સમયે હાઈડ્રોજન બોમ્બના કોઈ પ્રોજેક્ટ નથી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) કોલંબો ડીક્લેરેશન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ ડીક્લેરેશન UNEPના સભ્ય દેશો દ્વારા અપનાવવામાં આવ્યું છે.
(2) તે નાઈટ્રોજનના વૈશ્વિક પ્રશ્નને ઉકેલવા માટેની ઘોષણા છે.
(3) ઘોષણામાં 2050 સુધીમાં નાઈટ્રોજન કચરો અડધો કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.
(4) નાઈટ્રોજન ફોર અર્થ નામનું અભિયાન આ ઘોષણા દરમિયાન લોંચ કરવામાં આવ્યું હતું.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ યુનાઈટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામ (UNEP)ના સભ્ય દેશો દ્વારા 'કોલંબો ડીક્લેરેશન' અપનાવવા આવ્યું હતું. આ ઘોષણા નાઈટ્રોજનના વૈશ્વિક પ્રશ્નને ઉકેલવા માટેની છે. (આથી, વિધાન (1) અને (2) સાચાં છે.)

⇛ આ ઘોષણાના વિકાસમાં ઈન્ટરનેશનલ નાઈટ્રોનજ મેનેજમેન્ટ સિસ્ટમ (INMS)નો ફાળો છે.

⇛ ઘોષણાનું લક્ષ્ય 2030 સુધીમાં નાઈટ્રોજનના કચરાને અડધું કરવાનું છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ ઘોષણા દરમિયાન નાઈટ્રોજનના ટકાઉ નિયમન માટે નાઈટ્રોજન ફોર લાઈફ નામનું અભિયાન લોંચ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ ઘોષણામાં યુનાઈટેડ નેશન્સની સંસ્થાઓ, અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, વિકાસ ભાગીદારો, શૈક્ષણિક અને નાગરિક સંસ્થાઓ વગેરેને આ કાર્યક્રમમાં સહાય આપવા માટે કહેવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) AIDA મિશન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) તેનું પૂરુંનામ Asteriod Impact Deflection Assessment છે.
(2) તે નાસા અને યુરોપિયન સ્પેસ એજન્સીનું સંયુકત મિશન છે.
(3) આ મિશનનો હેતુ એસ્ટેરોઈડની સપાટી પર અવકાશયાન અથડાવી તેની દિશા બદલી શકાય છે કે નહીં ? તે વિશેનો અભ્યાસ કરવાનો છે.
(4) પ્રોજેકટમાં પૃથ્વી અને મંગળની વચ્ચે આવેલ Didymos એસ્ટેરોઈડની દિશા બદલવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

(A) માત્ર (1)
(B) માત્ર (1) અને (2)
(C) માત્ર (2) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ AIDAનું પૂરુંનામ Asteriod Impact Deflection Assessment છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તે નાસા અને યુરોપિયન સ્પેસ એજન્સીનું સંયુકત સંશોધન મિશન છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેનો હેતુ એસ્ટેરોઈડ પર અવકાશયાનની અથડામણ કરી તેની દિશામાં પરિવર્તન લાવી શકાય છે કે નહી ? તેનો અભ્યાસ કરવાનો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ પૃથ્વી અને મંગળ વચ્ચે બે Didymos એસ્ટેરોઈડ આવેલા છે. આ પૈકી નાના Didymos એસ્ટેરોઈડ પર એક અવકાશયાન અથડાવીને તેની દિશા બદલવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ દ્વારા આપણે પૃથ્વી પર કોઈ એસ્ટેરોઈડની અથડામણ થવાની હોય તો તેની દિશા બદલાવવાના વિવિધ મોડેલ મેળવી શકશું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) નીચેનામાંથી કયા-કયા ખાદી ગ્રામોદ્યોગ આયોગ (KVIC)ના હેતુઓ છે ?**

(1) ગ્રામ્ય ક્ષેત્રે રોજગારી આપવી.

(2) વેંચાય શકે તેવા પદાર્થો આપવા.

(3) લોકોમાં સ્વનિર્ભરતાનું સર્જન કરવું.

(4) દરેક ગ્રામમાં એક મોટા ખાદી ઉદ્યોગની સ્થાપના કરવી.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (3)
(D) માત્ર (2)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ ખાદી ગ્રામોદ્યોગ આયોગ એક વૈધાનિક સંસ્થા છે જેની સ્થાપના **KVIC** અધિનિયમ, **1956** હેઠળ કરવામાં આવી છે.

⇛ તે **MSME** મંત્રાલય હેઠળની ખાદી તથા ગ્રામ્ય ઉદ્યોગ માટેની ભારતની પ્રમુખ સંસ્થા છે.

⇛ આ આયોગના 3 મુખ્ય હેતુઓ છે :

- સામાજિક હેતુ – ગ્રામ્ય વિસ્તારોમાં રોજગારી આપવી.
- આર્થિક હેતુ – વેંચાય શકે તેવી વસ્તુઓ આપવી.
- વિસ્તૃત હેતુ – લોકોમાં સ્વનિર્ભરતા જગાડવી અને ગ્રામ્ય સમુદાયની મજબૂત ભાવના બનાવવી.

(આથી, વિધાન (1), (2) અને (3) સાચાં છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT